આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

મક્કમ અને હળવાશ ભર્યું મન, અશક્યને શક્ય, શક્યને સંભવિત અને સંભવિતને સુનિશ્ચિત બનાવી દે છે
- ફાધર વાલેસ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૨૮ | ૯ ફેબ્રુઆરી, ૨૦૧૪, રવિવાર; મહા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લાના ૮૮,૩૬૭ આવાસોમાં શૌચાલય નથી

## નિર્મળ ગુજરાત અભિયાનમાં જિલ્લાની નબળી કામગીરી : આગામી પાંચ વર્ષમાં તમામ આવાસો શૌચાલયની સુવિધા સાથેના બને તેવું તંત્રનું આયોજન : ગ્રામસંમેલનો યોજી ઝુંબેશ ચલાવાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ૮૮ હજારથી વધુ આવાસોમાં આજે પણ શૌચાલયની સુવિધા ન હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવી છે.

જિલ્લાની ચારેય તાલુકા પંચાયતના અધિકારીઓ દ્વારા કરાયેલા સર્વેમાં આ હકીકતો બહાર આવી છે. જિલ્લામાં સર્વે પ્રમાણે ૮૮,૩૬૭ મકાનોમાં શૌચાલયની સુવિધા ન હોવાથી લોકો શૌચક્રિયા ખુલ્લામાં કરી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ચાલુ વર્ષ દરમ્યાન ૧૬,૫૪૦ શૌચાલયો બનાવવાનો લક્ષ્યાંક હતો પરંતુ તેની સામે ૪૬૦૦ શૌચાલયોનું જ નિર્માણ થયું છે. જે લક્ષ્યાંકના ૨૮ ટકા જેટલું થવા જાય છે.

રાજ્યમાં સ્વચ્છતા અભિયાન પર એક તરફ સરકાર અગ્રતા આપી રહી છે ત્યારે નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત ગાંધીનગરમાં જ નબળી કામગીરી થઈ રહી છે.

જો કે જિલ્લાતંત્રએ દાવો કર્યો છે કે નિર્મળ ગુજરાત અભિયાનને સઘન બનાવવા માટે અમે પુરતા પ્રયાસો કરી રહ્યા છીએ. અમે કૃષિ મહોત્સવ અને પ્રવેશોત્સવ દરમ્યાન ગ્રામલોકોમાં જાગૃતિ લાવવાના કાર્યક્રમો યોજ્યા હતા.

ગાંધીનગર તાલુકામાં સરપંચ

● અનુસંધાન પાન-૭ પર


શ્રી લાલઘર માતાજી મંદિરમાં ભવ્ય
શિવકથા
કથા પ્રારંભ
૯-૨-૧૪, રવિવાર
કથા સમય
દરરોજ બપોરે ૨ થી ૫-૩૦ સુધી
પ્રેમમય પુર્ણાહુતિ
તા. ૧૬-૨-૧૪, રવિવાર


કથા સ્થળ : શ્રી લાલઘર માતાજી મંદિર, કોલવડા
પોથીયાત્રા યજમાનશ્રી ખાખરાવાડી સધી માતાજી મંદિર પરિવાર
ભુવાજીશ્રી અરવિંદભાઈના નિવાસસ્થાનેથી બપોરે ૨-૦૦ કલાકે DJ સાથે નિકળશે. (પટેલ માંડવી ચોક)

ફ્લેટ ભાડે આપવાનો છે
3 BHK ફુલ ફર્નિશ્ડ સાથેનો ઝોડ સરગાસણ ચોકડી, એસ.જી. હાઈવે પરનો ફ્લેટ ભાડેથી આપવાનો છે.
સંપર્ક : ૯૩૭૭૧૬૨૫૧૮













